# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-02-2026** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા ખાતેથી ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષોને શ્રીલંકામાં પ્રદર્શિત કરવા મોકલ્યા
2) ગ્રામીણ સ્તરે વધુ પારદર્શિતા , ગુણવત્તા અને જવાબદારી સાથે વિકસિત ગામનું કર્તવ્ય નિભાવવા મુખ્યમંત્રીનો સરપંચોને અનુરોધ
3) અમેરિકાના ભારતીય વસ્તુઓ પરનો ટેરિફ ઘટાડવાના નિર્ણયને રાજ્યના કાપડ-હીરા બજારમાં વ્યાપક આવકાર
4) સુરત મહાનગરપાલિકાનું 10 હજાર 593 કરોડ રૂપિયાનું અંદાજ પત્ર રજૂ કરાયું.
5) તેલંગાણાના રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્માએ દ્વારકા ખાતેથી ભારત રણભૂમિ દર્શન અભિયાનનો શુભારંભ કરાવ્યો
6) મહિલા પ્રીમિયર લીગ, WPL ક્રિકેટમાં, આજે ગુજરાત જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# DEVNIMORI RELICS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષોને શ્રીલંકામાં પ્રદર્શિત કરવા મોકલ્યા. વડોદરાના સૌથી પ્રાચીન વિમલેશ્વર મહાદેવ નજીક નીકળેલી શોભાયાત્રામાં પોલીસ દ્વારા પવિત્ર અવશેષોને ગાર્ડ ઓફ ઓનર આપી વિદાય અપાઈ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાતનું પ્રતિનિધિ મંડળ દિલ્હી ખાતેથી આ પવિત્ર અવશેષો સાથે કોલંબો જશે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : ચૈતાલી જોશી)

(ભગવાન બુદ્ધના અસ્થિ સાથેની મંજૂષા , રેશમના વસ્ત્ર સાથેનું પાત્ર , પથ્થરમાંથી બનાવેલા ઢાંકણાવાળા ખડિયા જેવા બોક્સનો આ અવશેષોમાં સમાવેશ થાય છે. આ બોક્સ ઉપર , સોના-ચાંદીના તાર ચઢાવવામાં આવ્યા છે. અરવલ્લી જિલ્લાના શામળાજી પાસે દેવની મોરી તરીકે ઓળખાતા ટેકરા ખાતે ઉત્ખનન દરમિયાન આ પવિત્ર અવશેષો મળી આવ્યા હતા. ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા આ અવશેષોને શ્રીલંકાના કોલંબોમાં 4થી 11 ફેબ્રુઆરી સુધી ચાલનારા એક કાર્યક્રમમાં દર્શનાર્થે મૂકવામાં આવશે. ચૈતાલી જોશી પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ)

. . . . . . . . . . . . .

# SARPANCH TALIM

ગ્રામીણ સ્તરે વધુ પારદર્શિતા , ગુણવત્તા અને જવાબદારી સાથે વિકસિત ભારત માટે વિકસિત ગ્રામનું કર્તવ્ય નિભાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સરપંચોને અનુરોધ કર્યો. ગાંધીનગર સ્થિત ગુજરાત વિધાનસભા પરિસરમાં અધ્યક્ષ શંકર ચૌધરીની ઉપસ્થિતિમાં 'ગ્રામ શક્તિ તાલીમ કાર્યક્રમનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , જ્યારે ગામડાંનો વિકાસ થશે , ત્યારે જ દેશનો સાચો વિકાસ થશે. આ અંગે પંચાયત મંત્રી ઋષિકેશ પટેલે વધુ માહિતી આપી.

(બાઇટ : ઋષિકેશ પટેલ, પંચાયત મંત્રી)

આ તાલીમ કાર્યક્રમમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા , વાવ-થરાદ, મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના વિવિધ તાલુકાઓના 260થી વધુ સરપંચો સહભાગી થયા હતા. તેઓએ આ તાલીમ વર્ગને મહત્વપૂર્ણ ગણાવ્યો.

. . . . . . . . . . . . .

# PM- PARIKSHA PE CHARCHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નાગરિકોને 6 ફેબ્રુઆરીએ "પરીક્ષા પે ચર્ચા" નો વિશેષ આવૃતિ જોવા માટે આહ્વાન કર્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં , પ્રધાનમંત્રીએ કહ્યું કે , ભારતના યુવાનો સાથે વાતચીત કરવી તાજગીભરી છે. તેમણે તણાવમુક્ત પરીક્ષાના મહત્વ પર ભાર મૂક્યો. શ્રી મોદીએ માહિતી આપી કે આ વર્ષે દેવમોગરા , કોઈમ્બતુર, રાયપુર, ગુવાહાટી અને દિલ્હીમાં પરીક્ષાર્થીઓ સાથે સંવાદ સત્રો યોજવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

# INDIA US TARRIFF REAX

અમેરિકાએ ભારતીય વસ્તુઓ પરનો ટેરિફ 25 ટકાથી ઘટાડીને 18 ટકા કરતા ગુજરાતના કાપડ બજારમાં હકારાત્મક સંકેતો જોવા મળી રહ્યા છે. ટેરિફ ઘટતા ભારતીય કાપડ ફરીથી અમેરિકામાં સ્પર્ધાત્મક ભાવે વેચાઈ શકશે. જેનાથી સુરત અને અમદાવાદના કાપડ ઉદ્યોગને સીધો ફાયદો થશે તેમ ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઇલ ટ્રેડર્સ એસોસિએશન-ફોસ્ટાના પ્રમુખ કૈલાશ હકીમે જણાવ્યું.

(બાઇટ : કૈલાશ હકીમ, અધ્યક્ષ ફોસ્ટા)

. . . . . . . . . . . . .

# SURAT BUDGET

સુરત મહાનગરપાલિકાનું 10 હજાર 593 કરોડ રૂપિયાનું મુસદ્દા અંદાજ પત્ર આજે રજૂ કરાયું. જેમાંથી વિકાસકામો માટે 5 હજાર 73 કરોડનું મૂડી બજેટ ફાળવવામાં આવ્યું . જ્યારે વર્ષ 2026-27 માટે 5 હજાર 777 કરોડ રૂપિયાની મહેસૂલી આવક અંદાજવામાં આવી છે. શહેરમાં 540 કરોડ રૂપિયાના ખર્ચે 8 નવા ફ્લાયઓવર બનાવવાનું આયોજન કરાયું છે તેમ મ્યુનિસિપલ કમિશનર એમ.નાગરાજને જણાવ્યું.

(બાઇટ : એમ.નાગરાજન, મ્યુનિસિપલ કમિશનર)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# PRADYUMAN VAJA

ઉચ્ચ શિક્ષણ વિભાગમાં જગ્યાઓ ખાલી હોવાના મામલે શિક્ષણ મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાએ સ્પષ્ટતા કરી છે તેમણે જણાવ્યું , સરકારી ઇજનેરી કોલેજ ખાતે 16 ખાલી જગ્યાઓ પૈકી ૯ જગ્યાઓ ભરાયેલી છે. એટલે કે અધ્યાપકોની 73 ટકા જગ્યાઓ ભરાયેલી છે જ્યારે સરકારી પોલિટેકનિક ખાતે 86 ટકા જગ્યાઓ ભરાયેલી છે.

(બાઈટ- પ્રદ્યુમન વાજા, શિક્ષણ મંત્રી)

. . . . . . . . . . . . .

# TELANGANA GOVERNOR

રાજ્યની મુલાકાતે આવેલા તેલંગાણાના રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્માએ આજે દ્વારકા ખાતેથી ભારત રણભૂમિ દર્શન અભિયાનનો શુભારંભ કરાવ્યો. આ અભિયાન હેઠળ દ્વારકાથી દિલ્હી સુધીના વિવિધ 20 જેટલા રણભૂમિ ક્ષેત્રનું સન્માન કરાશે. 25 ફેબ્રુઆરી સુધી આ અભિયાન ચાલશે તેમ શ્રી વર્માએ જણાવ્યું.

(બાઇટ : જિષ્ણુ દેવ વર્મા, રાજ્યપાલ)

. . . . . . . . . . . . .

# TAPI ASHWA SHOW -2026 - SURAT

સુરતમાં 7મા તાપી અશ્વ પ્રદર્શની - 2026 ’નું આજે ભવ્ય સમાપન થયું. ગુજરાત રાજ્ય પશુપાલન વિભાગ અને સુરત હોર્સ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ ચાર દિવસીય અશ્વ મહોત્સવમાં એક લાખ 20 હજારથી વધુ નાગરિકોએ મુલાકાત લીધી.

નવી પેઢી એનિમલ સ્પોર્ટ્સ અને આપણી ભવ્ય અશ્વ સંસ્કૃતિથી પરિચિત થાય તે હેતુથી યોજાયેલ આ પ્રદર્શનીમાં રાજ્યના સૌરાષ્ટ્ર , કચ્છ અને ઉત્તર ગુજરાત ઉપરાંત રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને મહારાષ્ટ્રથી આવેલા મારવાડી, કાઠિયાવાડી, કચ્છી અને સિંધી નસલના 340 થી વધુ અશ્વો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. પ્રદર્શનીમાં અશ્વો અને અશ્વ સવારો વચ્ચેના તાલમેલને રજૂ કરતી વિવિધ રોમાંચક સ્પર્ધાઓ પણ યોજાઈ હતી.

. . . . . . . . . . . . .

# YOUTH IMMERSION PROGRAMME - BANASKANTHA

યુથ ઈમર્જન પ્રોગ્રામ-2026 અંતર્ગત રાજ્યના પ્રવાસે આવેલા આસામના પ્રતિનિધિમંડળે આજે બનાસકાંઠાના પાલનપુર સ્થિત એશિયાની સૌથી મોટી બનાસ ડેરીની મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન તેઓએ 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્રને ચરિતાર્થ કરતા 'બનાસ મોડેલ'ને નજીકથી નિહાળ્યું હતું. ઉપરાંત પશુપાલકોને ૮૨ ટકા હિસ્સો આપતા પ્રેરણાદાયી બનાસ ડેરીનું સંચાલન, દૂધ એકત્રીકરણની પદ્ધતિ અને પશુપાલકોના આર્થિક ઉત્થાન માટે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી.

આ મુલાકાતનો મુખ્ય હેતુ યુવા પ્રતિનિધિઓને ગુજરાતના સહકારી ક્ષેત્રની સફળતા અને ગ્રામીણ અર્થતંત્રના મજબૂત માળખાથી માહિતગાર કરવાનો હતો.

. . . . . . . . . . . . .

# CSIR-CSMCRI - BHAVNAGAR

ભાવનગરમાં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ- CSIR તથા કેન્દ્રીય મીઠા અને સમુદ્રી રસાયણ સંશોધન સંસ્થા CSMCRI ખાતે ઉચ્ચ કક્ષાની ફીલ્ડ એમિશન-ટ્રાન્સમિશન ઇલેક્ટ્રોન માઇક્રોસ્કોપ ( FE-TEM) સુવિધાનું ઉદ્ઘાટન કરાયું. ઉદ્ઘાટન કરતા , નિયામક ડૉ. કન્નન શ્રીનિવાસને જણાવ્યું હતું કે આ અત્યાધુનિક ઉપકરણ વૈજ્ઞાનિક સંશોધન માળખામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

આ વિશ્લેષણાત્મક સુવિધા નેનોમીટર સ્તરે અલ્ટ્રા-હાઇ-રિઝોલ્યુશન ઇમેજિંગ ક્ષમતાઓ પ્રદાન કરશે, જે નેનો ટેકનોલોજી, ઊર્જા અને બાયોસાયન્સ માટે વિકસિત નવી સામગ્રીની રચના અને ગુણધર્મોનો અભ્યાસ કરવા સક્ષમ બનાવશે.

. . . . . . . . . . . . .

# REV EVE CRICKET - WPL

મહિલા પ્રીમિયર લીગ , WPL ક્રિકેટમાં, એલિમિનેટર મુકાબલામાં આજે ગુજરાત જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાશે.

વડોદરાના કોટંબીના BCA સ્ટેડિયમ ખાતે રમાનારી આ મેચમાં દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

આ મેચની વિજેતા ટીમ ગુરુવારે ફાઇનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટકરાશે.

. . . . . . . . . . . . .